**Enrollment No:** _______________________ **Exam Seat No:**_______________________

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2021

**Subject Name: Accounting & Finance – III**

**Subject Code: 4CO03AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 3** **Date: 21/12/2021** **Time: 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** પાઘડી નું મૂલ્યાંકન કરતી વખતે ધંધામાં રોકાયેલી મૂડી કે સરેરાશ રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે કયા પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવાતા નથી 1

(a) કાયમી રોકાણો (b)ધંધાકીય રોકાણ

(c)બિનધંધાકીય રોકાણ(d) ચાલુ રોકાણ

**b)** નફામાં દર વર્ષે સતત ઘટાડો થતો હોય ત્યારે પાઘડીના મૂલ્યાંકન માટે કયો નફો ધ્યાનમાં લેવાય છે 1

(a) સાદો સરેરાશનફો(b)ભારિત સરેરાશ નફો (c)અધિક નફો(d)મૂડીકૃત નફો

**c)** અધિક નફા શોધવાનું સૂત્ર કયું છે? 1

(a)સરેરાશ નફો બાદ અપેક્ષિત નફો (b)અપેક્ષિત નફો બાદ સરેરાશ નફો

(c)સરેરાશનફો અને અપેક્ષિત નફો(d) ઉપર માંથી એક પણ નહીં

**d)** નીચેના પૈકી કઈ કંપનીના શેરના બજાર ભાવ બોલતા નથી? 1

(a) પરદેશી કંપની (b)જાહેર ક્ષેત્રની કંપની (c)શાસક કંપની (d)ખાનગી કંપની

**e)** ઈક્વિટી શેર ની વાજબી કિંમત એટલે 1

(a)દાર્શનિક કિંમત (b)આંતરિક કિંમત અને બજાર કિંમતની સરેરાશ

(c)ઉપજ કિંમત (d)દાર્શનિક અને બજાર કિંમત નો તફાવત

**f)** ડિવિડન્ડનો દર× શેરદીઠ ભરપાઈ કિંમત 1

અપેક્ષિત વળતર નો દર

ઉપરોક્ત સૂત્ર શેરની કઈ કિંમત જાણવા માટે વપરાય છે?

(a)મૂળ કિંમત (b)આંતરિક કિંમત (c)વાજબી કિંમત (d)બજાર કિંમત

**g)** માલ વહન કરતી ટ્રક કંપનીઓનું પડતર નું એકમ શું હોય શકે? 1

(a)ટન દીઠ(b)ટ્રીપદીઠ(c)ટનકિમીદીઠ (d)કિ.મીદીઠ

**h)** નીચેના પૈકી કયો ખર્ચ વાહન વ્યવહાર ઉદ્યોગ માટે સ્થિર ખર્ચ ગણાય છે? 1

(a)ડીઝલ(b)ઘસારો (c)ગેરેજ ભાડું (d)પેટ્રોલ

**i)** નીચેના પૈકી કયો ખર્ચ વાહન વ્યવહારના ધંધા માટે ચલિત ખર્ચ ગણાય છે? 1

(a)ભાડું (b)ટાયર અને ટ્યુબ(c) પગાર(d)ક્લીનર નો પગાર

**j)** ડિરેક્ટર ફી કયા આધારે ફાળવવામાં આવે છે 1

(a)નોંધણી પછી(b)નોંધણીપહેલાં(c)સમયના પ્રમાણમાં (d)વેચાણના પ્રમાણમાં

**k)** નોંધણી પહેલાંનો નફો ....ખાતે લઈ જવામાં આવે છે? 1

(a) સામાન્ય અનામત(b) મૂડી અનામત (c) પાઘડી (d) અનામત ભંડોળ

**l)** નીચેની વિગતો પરથી સમયનું પ્રમાણ નક્કી કરો. 1

ધંધા ની ખરીદી તા.01-07-2020

નોંધણીતા.1-10-2020

વર્ષ પૂરું થવાની તા. 31-3-2021

(a)1:1(b)1:2(c)1:3(d)1:4

**m)** કેટલાક ધંધામાં અમુક મોસમમાં વધારાની કર્યશીલ મૂડીની જરૂરિયાત રહે છે તેને કાર્યશીલ .મૂડી કહે છે 1

(a)નિયમિત (b) પરિવર્તન (c)મોસમી (d) ખાસ

**n)** ક્યો સ્ત્રોત કંપની માટે સુખના સમયના સાથી તરીકે ઓળખાય છે? 1

(a)કૉમર્શિયલ બેન્ક (b)જાહેર થાપણ (c)સહકારી બેન્ક (d) નફાનું પુનઃ રોકાણ

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(a)** કાર્યશીલ મૂડી સંચાલનનું મહત્વ સમજાવો. **7**

**(b)** કાર્યશીલ મૂડી ના સ્ત્રોતો સમજાવો. **7**

**Q-3** **(14)**

હેતલ લિમિટેડનું તારીખ 31-12-2020 ના રોજ નું પાકું સરવૈયુ નીચે મુજબ છે.

| જવાબદારી | રૂપિયા | મિલકતો | રૂપિયા |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | 3,00,000 | જમીન મકાન | 2,30,000 |
| 10%ની પ્રેફરન્સ શેર મૂડી | 2,50,000 | મશીનરી | 4,40,000 |
| સામાન્ય અનામત | 90,000 | ધંધાકીય રોકાણ | 45,000 |
| ન. નુ ખાતુ | 2,44,000 | બિનધંધાકીય રોકાણ(દા.કિ.80000) | 85,000 |
| 12% ડિબેન્ચર | 2,80,000 | સ્ટોક | 2,30,000 |
| લેણદારો | 1,70,000 | લેણહુંડી | 50,000 |
| દેવીહુંડી | 16,000 | દેવાદારો | 2,70,000 |

| | | | |
|---|---|---|---|
| પ્રોવિડન્ટ ફંડ | 45,000 | રોકડ બેંક | 24,000 |
| ચૂ. બાકી ખર્ચા | 5,000 | ખર્ચા | 7,000 |
| | | પ્રાથમિક ખર્ચા | 19,000 |
| | 14,00,000 | | 14,00,000 |

**વધારાની માહિતી:**

1. જમીન-મકાનની હાલની કિંમત રૂ. 3,42,500 તો છે જ્યારે બાકીની મિલકતો ચોપડે કિંમતએ દર્શાવવાની છે.

2.અપેક્ષિત વર્તન નો દર 12%છે.

3.50% કરવેરા ની જોગવાઈ કર્યા પહેલાંનો છેલ્લા ચાર વર્ષનો નફો નીચે મુજબ છે.

| **વર્ષ** | **નફો** | **ભાર** |
|---|---|---|
| 2017 | 1,80,000 | 1 |
| 2018 | 1,90,000 | 2 |
| 2019 | 2,10,000 | 3 |
| 2020 | 2,40,000 | 4 |

ઉપરની વિગતો પરથી અધિક નફાની ચાર વર્ષની ખરીદીને આધારે પાઘડી ની કિંમત શોધો

**Q-4 Attempt all questions (14)**

**(a)** પાઘડી ને અસર કરતા પરિબળોની ચર્ચા કરો **7**

**(b)** કાર્યશીલ મૂડી સંચાલનના **પ્રકારો** જણાવો **7**

**Q-5 Attempt all questions (14)**

**(a)** વંદના ટેક્સટાઈલનું તા. 31-3-2020ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. 10

| દેવાં | રકમ રૂ. | મિલકતો | રકમ રૂ. |
|---|---|---|---|
| ઈ. શેર મૂડી50,000શેર દરેક રૂ. 10નો, | 5,00,000 | જમીન, | 20,000 |
| | | મકાન, | 5,30,000 |
| 10% ની પ્રેફરેન્સ શેર મૂડી, | 5,00,000 | યંત્રો, | 3,80,000 |
| | | કારખાનું, | 2,80,000 |
| અનામતો, | 1,60,000 | પ્રોવિડન્ટ ફંડના રોકાણો, | 60,000 |
| નફા નુકસાન ખાતું, | 40,000 | સ્ટોક, | 1,74,000 |
| 12%ના ડિબેન્ચર, | 2,00,000 | દેવાદારો, | 38,000 |
| પ્રોવિડન્ટ ફંડ, | 60,000 | રોકડ – બેન્ક | 18,000 |
| લેણદારો, | 30,000 | | |
| દેવીહૂંડી, | 10,000 | | |
| | **15,00,000** | | **15,00,000** |

**વધારાની માહિતી:**

1) મકાનની હાલની બજાર કિંમત રૂ.6,00,000 છે.

2) કંપનીનો સરેરાશ વાર્ષિક નફો 50% લેખે કરવેરા બાદ કર્યા પહેલાંનો રૂ. 3,00,000છે.

3)આજ પ્રકારના ધંધામાં રોકાયેલી મૂડી પર વળતરનો દર 10% ગણાય છે.

4)કંપનીની પાઘડીની કિંમત રૂ. 50,000 આંકવામાં આવી છે.

ઉપરની વિગતો પરથી કંપનીના શેરની વાજબી કિંમત શોધો.

(b) શેર મૂલ્યાંકન એટલે શું?શેર મૂલ્યાંકન કયા સંજોગોમાં કરવું જરૂરી બને છે? **4**

**Q-6 Attempt all questions** **(14)**

(a) નોંધણી પહેલાં અને નોંધણી પછીના નફા – નુકસાનની ગણતરી કરતી વખતે નીચેની વિગતો શેના આધારે ફાળવવામાં આવશે તે જણાવો. **7**

1) પ્રાથમિક ખર્ચ 2) સામાન્ય ખર્ચ 3) જાહેરાત ખર્ચ 4) શેર ટ્રાન્સફર ફી

5) વીમા પ્રીમયમ 6) જાવકમાલ ગાડાભાડું 7) ઘાલખાધ

(b) **રામ** કંપની લિમિટેડની નીચેની માહિતી પરથી શેરની આંતરિક અને શેર ની બજાર કિંમત શોધો. **7**

1. કુલ મિલકતો - રૂ. 19,00,0002.કુલ દેવા– રૂ. 5,00,000

3. ઈક્વિટી શેરમૂડી દરેક રૂપિયા 10 લેખે પુરા ભરાય તેવા10,000 ઈ. શેર - રૂ. 1,00,000

4. 10% પ્રેફરન્સ શેર મૂડી – રૂ. 4,00,000

5. અપેક્ષિત વળતરનો દર - 20%

6. 50% લેખે કરવેરા અનેપ્રેફરન્સડિવિડન્ડપહેલાંનો નફો - રૂ. 4,00,000.

**Q-7 Attempt all questions** **(14)**

(a) નીચેની માહિતી પરથી મુસાફર કિ.મી. દીઠ પડતરની ગણતરી કરો: **7**

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| બસનીકિંમત | 10,00,000 |
| અંદાજિત આયુષ્ય | 1,00,000 કિ.મી. |
| આયુષ્યના અંતે અંદાજિત ભંગાર કિંમત | 2,00,000 |
| ડ્રાઈવરનો પગાર માસિક | 5,000 |
| ક્લિનરનો પગાર માસિક | 4,000 |
| રિપેરિંગ માસિક | 2,000 |
| ફાળવવામાં આવેલ ઓફિસ ખર્ચ માસિક | 1,000 |
| ગેરેજનું ભાડું માસિક | 1,000 |
| સ્ટેશનરી ખર્ચ માસિક | 2,000 |
| એક લિટર ડિઝલની પડતર | 40 |
| ડિઝલનો વપરાશ 8 કિ. મી. દીઠ એક લિટર | |
| ઑઈલ અને પરચૂરણ ખર્ચ ડીઝલ ખર્ચના 10 ટકા | |
| મહિનાના કુલ કિ. મી. | 10,000 કિ.મી. |
| બસની વહન ક્ષમતા (મુસાફર) | 40 |
| વહન ક્ષમતાનો ઉપયોગ (%) | 80 |

(b) સેવા પડતર પત્રકનો નમુનો કાલ્પનિક આંકડાઓ સાથે આપો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

તા 1-4 -2020 થીMF બ્રધર્સ નો ચાલો ધંધો ખરીદી લેવા માટે NZ લિમિટેડની તા.31-7-2020 ના રોજ સ્થાપના કરવામાં આવી. તા. 31-3-2021ના રોજ પુરા થતા વર્ષ માટે નીચેની માહિતી મળી. 14

1. પ્રથમ ત્રણ માસનું વેચાણ ત્યારબાદના સમયના વેચાણના 12.5% હતુંજુલાઈ2020થી માર્ચ 2021 સુધીનું વેચાણ દર મહિને એક સરખું રહ્યું હતું, પરંતુ નવેમ્બર માસ દરમ્યાન હડતાળના કારણે વેચાણ થઈ શક્યું નથી.

2. સ્થાપના પહેલાના સમયનું ઉધાર વેચાણ રૂ 40,000 અને સ્થાપના બાદના સમય નું ઉધાર વેચાણ રૂ 60,000 હતું. જ્યારે વર્ષનું કુલ વેચાણ રૂ 3,00,000 હતું

3ધંધાની ખરીદ કિંમત ની રકમ 31-01-2021 ના રોજ ચૂકવી હતી.

4રોકાણો નોંધણી પહેલા વેચ્યા હતા.

5. નફા નુકસાન ખાતા માં નીચે દર્શાવેલ વિગતો હતી.

| | |
|---|---|
| વીમો અને કરવેરા - રૂ.3000 | યંત્ર પર ઘસારો - રૂ. 3,300 |
| પગાર વાર્ષિક - રૂ 11,000 | ડિબેન્ચર વ્યાજ - રૂ. 1,000 |
| ડિરેક્ટર ફી– રૂ. 12,000 | **મળેલ ભાડું:** - |
| ઘાલખાધ - રૂ.600 | 01 - 07- 2020થી - રૂ. 1,800 |
| પ્રાથમિક ખર્ચ- રૂ. 1,000 | **જાહેરાત ખર્ચ:** |
| દેવાદારો ને આપેલ વટાવ- રૂ. 450 | સ્થિર - રૂ. 3,000 |
| શેર ટ્રાન્સફર ફી - રૂ. 400 | ચલિત - રૂ. 1,800 |
| રોકાણો પર વ્યાજ - રૂ. 400 | ઓડિટફી - રૂ. 630 |
| વેચાણ ખર્ચ (40% સ્થિર)- રૂ. 6,000 | ખરીદ કિંમત નો વ્યાજ - રૂ. 4,800 |
| રોકાણોના વેચાણની ખોટ - રૂ.2,400 | કાચો નફો - રૂ. 72,000 |

NZકંપની લિમિટેડ ના ચોપડે નોંધણીપહેલાંનો અને નોંધણીપછીનો નફો નુકસાન દર્શાવતું પત્રક તૈયાર કરો.